અનુસૂચિત જાતિ/જનજાતિને જાતિ પ્રમાણપત્રો
આપવા અંગે પૂરતી ચોકસાઈ રાખવા બાબત.

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ,**
**પરિપત્ર ક્રમાંક : અજય/૧૦૮૯/૬૩૦/ચ,**
**સચિવાલય, ગાંધીનગર,**
**તા. ૨૩/૮/૮૯.**

વંચાણે લીધા :-આદિજાતિ વિકાસ વિભાગ પરિપત્ર ક્રમાંક : અજય/૧૨૮૬/ભા.સ.-૨-ચ. તા. ૨૭/૬/૮૬.

પરિપત્ર :-

આમુખમાં દર્શાવેલ પરિપત્રોથી અનુસૂચિત જાતિ/જનજાતિના ઈસમોને જાતિના પ્રમાણપત્રો આપવા બાબતમાં પૂરતી ચોકસાઈ રાખવા તેમજ જાતિના પ્રમાણપત્ર આપતાં પહેલા જરૂરી પુરાવાઓની ચકાસણી/ખરાઈ કરીને જ પ્રમાણપત્રો આપવા અંગેની સૂચનાઓ આપવામાં આવી છે.

આમ છતાં સરકારના ધ્યાન ઉપર આવ્યું છે કે પ્રમાણપત્ર આપવાને સક્ષમ અધિકારીઓ ધ્વારા માત્ર સોગંદનામાને આધારે અનુસૂચિત જાતિ/જનજાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે. સોગંદનામા પરથી પ્રમાણપત્ર આપતી વખતે ખરેખર તે વ્યક્તિ પછાત વર્ગની છે કે નહિ તેની ખાતરી કરવામાં આવતી નથી.

આ બાબતની ગંભીરતા વિચારણામાં લઈ આથી ફરીથી સુચના આપવામાં આવે છે કે ઉપર આમુખમાં દર્શાવેલ વિભાગના તા. ૨૭/૬/૮૬ ના પરિપત્ર તેમજ ભારત સરકારની જાતિના પ્રમાણપત્રો આપવા અંગેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવું. અરજદારે રજુ કરેલ માત્ર સોગંદનામુ એ આધારભૂત પુરાવો ગણાય નહી અને તેથી તેને આધારે જાતિનું પ્રમાણ પત્ર આપવું નહી. જાતિ પ્રમાણપત્ર મેળવવાનો દાવો કરનાર ઉમેદવારનું રહેઠાણ, માતા-પિતાની જાતિ, મેટ્રીક્યુલેશન કે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મ નોંધણી પ્રમાણપત્ર, રેવન્યુ રેકર્ડ વગેરે પુરાવાઓની કાળજી પૂર્વક ચકાસણી કરીને જાતિનું પ્રમાણપત્ર આપવાની સુચનાઓ આથી સર્વે સંબંધિત પ્રમાણપત્ર આપવાને સક્ષમ અધિકારીઓના ધ્યાન પર લાવવામાં આવે છે. આ સુચનાઓ ચૂસ્તપણે અમલમાં મૂકવા પણ સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર સમાજ કલ્યાણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની તારીખ ૧૨/૬/૮૯ ની નોંધણી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પરિતોષ ક્રિશિયન

સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. નિયામક, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨. સચિવાલયના સર્વ વિભાગો
૩. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/નાયબ જિલ્લા વિકાસ અધિકારી
૪. સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
૫. સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
૬. સર્વે તાલુકા મામલતદારશ્રીઓ.
૭. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
૮. સેકશન અધિકારીશ્રી, -ખ-શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સિલેક્ટ ફાઈલ.

---